Vol. 8, Issue: 6, June: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# સંશોધન પદ્ધતિની ભૂમિકા

વૃંદાબેન મજીગામકર
નારણ લાલા ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારી

## સારાંશ

*કોઈપણ વિદ્યાશાખામાં સંશોધન અનિવાર્ય બાબત છે. જરૂરિયાત એ સંશોધનની જનની છે. કારણ કે સમકાલીન માનવવિકાસનો ઈતિહાસ જોતાં જણાય છે કે, માનવપ્રગતિ એ ભૂતકાળમાં બનેલી ઘટનાઓનો પ્રેરણાસ્ત્રોત છે. સામાન્યત: ઈતિહાસની કોઈ વિષયવસ્તુ કે ઘટનાને લગતી શોધખોળને સંશોધન કહી શકાય. દેશ-વિદેશમાં પ્રાંગરેલી વિવિધ સંસ્કૃતિઓનો અભ્યાસ આપણને નીતનવાં સંશોધન કરવા પ્રેરે છે. ઐતિહાસિક સંશોધનની વિવિધ પદ્ધતિઓ છે. સંશોધનકારે આવશ્યકતા ધ્યાનમાં રાખી જરૂરિયાતની પૂર્તિ કાજે સંશોધન પદ્ધતિની ભૂમિકા વિષય પસંદ કરી તેનો અભ્યાસ હાથ ધર્યો છે.*

*ઐતિહાસિક સંશોધનની પદ્ધતિની ભૂમિકા અંતર્ગત દસ્તાવેજી પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ, વૃત્તાન્તાત્મક, ક્રમિક, પરિમાણવાચક વગેરે જાણીતી છે. પ્રત્યેક પદ્ધતિઓનો વિનિયોગ કરતી વખતે સમસ્યા અથવા વિષય પસંગીનો હેતુ, સંશોધનના ઉપકરણ, માહિતી એકત્રીકરણ માટે શ્રમ, શક્તિ અને નાણાંનો ખર્ચ, કયા મુદ્દાઓની મૂલવણી માટે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે ભાવિ સંશોધકોએ શી કાળજી રાખવી તેની આછી રૂપરેખા રજૂ કરી છે. ભાવિ સંશોધકોને આ માહિતી થોડીક પણ ઉપયોગી થશે તો સંશોધકે કરેલ શ્રમ લેખે લાગ્યો ગણાશે. આખરે તો શિક્ષણની ગુણવત્તાને માનવજીવનની ગુણવત્તા સાથે સંબંધ છે.*

## ૧.પ્રસ્તાવના

ઈટાલિયન આદર્શવાદી તત્વજ્ઞાની બેન્ડેટોક્રોસે એ અવલોકન કર્યું છે કે, ઈતિહાસ એ અર્થપૂર્ણ સ્પષ્ટીકરણો સહિત એકબીજા સાથે જીવંત રીતે સંકળાયેલ બનાવોની પરિણામરૂપ સાંકળ છે. માનવજાતના ભૂતકાળની અર્થપૂર્ણ નોંધ છે તે ફક્ત કાળ પ્રમાણની યાદી નથી. પણ વ્યક્તિઓ, બનાવો, યુગો અને સ્થળો વચ્ચેના સંબંધોનો સાચો સંગઠિત હિસાબ છે. ઐતિહાસિક પદ્ધતિનો ઉપયોગ કરતાં પૂર્વે સંશોધકોએ યાદ રાખવું જોઈએ તે જો સત્ય જાણવા માગે છે તે પહેલેથી જ વીતા ગયેલા સમયનો એક મુદ્દો છે. શૈક્ષણિક બનાવો, સંસ્થાઓ અને દૂરના ભતૂકાળની હિલચાલોને સ્પષ્ટ કરવા ઐતિહાસિક પદ્ધતિએ સત અને સામાન્યીકરણોની પ્રાપ્તિ માટે એક વિશિષ્ટ પદ્ધતિનું પ્રદાન કર્યું છે. ઈતિહાસકાર બની ગયેલી ઘટના પરત્વે જ કલ્પના કરી શકે છે. પરિણામે ઈતિહાસકારની કલ્પનામાં બહુધા વાસ્તવિકતા હોય છે. સંશોધકોએ એ ધ્યાન રાખવું જોઈએ કે ઈતિહાસનું ચિંતન, બનેલા બનાવો પર જ આધારિત છે અને તેને કાલ્પનિક ઘટના સાથે કોઈ સંબંધ નથી. જેમ કે, અશોકની ધર્મનીતિ, અકબરની ઉદાર રાજનીતિ, શિવાજીની વહીવટી પદ્ધતિ, ફ્રેન્ચ રાજ્યક્રાંતિના પરિબળો વગેરે પર તે પુરાવાના આધારે કલ્પના કરીને આ વિષયો પરત્વેના પોતાના મંતવ્યો કે તારણો રજૂ કરી શકે છે. બનાવના આવા પૃથક્કરણથી ઈતિહાસલેખનની પદ્ધતિ વૈજ્ઞાનિક ઢબની બને છે.

વાત્સવિક ચિંતન વ્યક્ત કરવા માટેના કોઈ ચોક્કસ નિયમો હોતા નથી છતાં સંશોધનકાર પાસે કલ્પના માટે વર્તમાન સમયની તથા વિષયને લગતા પૂરાવાની બરાબર જાણકારી હોવી જરૂરી છે.

**૨. સંશોધનનો હેતુ**

કોઈપણ વિદ્યાશાખામાં સંશોધનનો હેતુ જ્ઞાનની પ્રાપ્તિ છે. સંશોધનનો આશય માનવજીવન વિશે અજ્ઞાન રહેતી માહિતી મેળવવાનો છે. તત્ત્વજ્ઞાન માહિતી વિશે પ્રકાશ પાડવાનો છે. દા.ત. સંશોધનના કોઈ મુદ્દા કે પ્રશ્નમાં તેને લગતી અમુક પ્રકારની રાજકીય કે સામાજિક માહિતી ઉપલબ્ધ હોય અને જોઈતી આર્થિક સાંસ્કૃતિક માહિતી પ્રાપ્ત ન હોય તો ખૂટતી માહિતીનું સંશોધન તેમજ પ્રાપ્ત માહિતીનું જરૂર જણાય ત્યાં નવું પૃથક્કરણ સંશોધનનો હેતુ તેમજ વિષય બને છે.

ઐતિહાસિક પદ્ધતિનો સંબંધ ચોક્કસ સમય અને સ્થળના સંદર્ભમાં બનેલા સાધન વૈયક્તિક બનાવો જોડે છે. આ પ્રકારના અભ્યાસનો જે આધાર બને છે તે, ઐતિહાસિક સંશોધન પાછળનો મૂલાધાર એ છે કે, 'ભૂતકાળના અવશેષોમાંથી જીવંત ભૂતકાળની પુનઃરચના કરવાની છે' અને આ ધ્યેયને પૂર્ણ કરવા માટે અનેક પ્રમાણભૂત પૂર્વધારણાઓ અને ઉત્કલ્પનાઓની રચના કરવી પડે છે.

**૩. અર્થ, વ્યાખ્યા અને સંકલ્પના**

સંશોધનકાર જે વિષય અંતર્ગત સંશોધન કરવા માગતા હોય તે વિષય / સમસ્યા પરત્વે સ્પષ્ટ હોવો જોઈએ. ડેવિડ જે. ફોક્ષ (૧૯૬૯) જણાવે છે કે, ઐતિહાસિક અભિગમ એ ભૂતકાળ સંબંધિત સંશોધન છે કે જે પ્રવતમાન રસના પ્રશ્નને પહેલેથી જ અસ્તિત્વ ધરાવનાર સામગ્રીઓના હેતુપૂર્ણ અભ્યાસ દ્વારા ઉકેલવાનો પ્રયાસ કરે છે.

**૪. સંદર્ભસ્થાનોનું એકત્રીકરણ**

સમસ્યા ઉકેલવા શ્રેષ્ઠ ઉપલબ્ધ માહિતી મેળવવું એ સંશોધકનું પ્રાથમિક અને મહત્ત્વનું કાર્ય છે. અભ્યાસની શરૂઆતમાં ભૂતકાળના પ્રસંગોને ચકાસતી વિશાળ અને વિવિધ માનવીય પ્રવૃત્તિઓને શોધી કાઢવામાં આવે છે. ઐતિહાસિક સંદર્ભ સ્થાનોનું મૂલ્યાંકન કરવાના બે આધારો છે.

૧.માહિતીની નોંધ ઈરાદાપર્વક થયેલી છે કે ઈરાદાવિહીન થયેલી છે.
૨.સંદર્ભસ્થાનને પ્રાથમિક કે ગૌણ સંદર્ભસ્થાન ગણવું.

***૪.૧ ઈરાદાપૂર્વક અને ઈરાદાવિહીન સંદર્ભ સ્થાનો***

સંશોધકે ગ્રંથાલયમાં જઈ લેખિત સ્વરૂપમાં જે માહિતી મળે તેનો ઉપયોગ કરવો જોઈએ કારણ કે બનાવની નોંધમાં કબરની શિલાથી માંડીને રંગીન ચિત્રો સુધીની ટૂંકી કાળાનુંક્રમ નોંધો, ડાયરીઓ કે આત્મકથાઓ પણ હોઈ શકે. પૌરાણિક કથાઓને પેઢી દર પેઢી સાચવવામાં આવેલ. લોકગીતો પણ લઈ શકાય. એનાથી વિરૂદ્ધમાં ઈરાદાવિહીન સંદર્ભસ્થાનો પણ જોવા મળે. પુરાતત્ત્વવિદો સંસ્કૃતિની માહિતી આપવા ઈરાદાવિહીન વર્ણન કરે એવું બને છે. જેમ કે સંગ્રહસ્થાનમાં ચિત્ર દોરેલ ઘડો. અહીં ઘડાને ચિત્રકામ કરીને શણગારેલો જોઈએ છે. હવે માટીનો ઘડો છેવટે તો પીવાના પાણીના સંગ્રહ માટે જ હોય છે તે બાબતની સંસ્કૃતિનું પરીક્ષણ કરવાનો નહિ.

***૪.૨ પ્રાથમિક અને ગૌણ સંદર્ભસ્થાન***

**(અ)અધિકૃત નોંધો અને અન્ય દસ્તાવેજી સામગ્રીઓ**

શોધકર્તાએ પ્રાથમિક માહિતીના સંદર્ભસ્થાનોની માહિતી એકત્ર કરવા રાજ્યના વિભાગો, કાયદાકીય સંસ્થાઓ દ્વારા રખાતી નોંધો, અહેવાલો, શાળા-કોલેજોના આચાર્યો, વિભાગીય વડાઓ, શાળા સમિતિઓની મિનિટ્સો, ટ્રસ્ટી મંડળની મિનિટ્સો, સર્વેક્ષણો, કાયદેસરનો કરાર, વસિયતનામા અને અન્ય સામાયિકો વાર્ષિક

અહેવાલો, સ્થાનિક અખબાર, પ્રમાણપત્રો, પરિક્ષાઓ, પરિણામપત્રકો, ચિત્રો, આકૃતિઓ, નકશાઓ, ડાયરીઓ, આત્મકથાઓ, શિક્ષક-વિદ્યાર્થીની નોંધોનો અભ્યાસ કરવો પડે છે.

**(બ)મૌખિક પુરાવાઓ**

રૂબરૂ મુલાકાત પણ માહિતી એકત્ર કરવાનું સાધન બની રહે છે. ઐતિહાસિક સંશોધન માટે મુલાકાત દ્વારા કેટલાક પુરાવાઓ એકત્ર કરી શકાય. શાળાના પગારદારો, શિક્ષકો અને વહીવટકર્તા, વિદ્યાર્થીઓ અને તેમના સંબંધિઓ, સામાન્ય નાગરિકો, સંચાલક મંડળના સભ્યોની મુલાકાતનો સમાવેશ થાય છે.

**(ક)ગૌણ સંદર્ભો**

એક સારો સાંશોધક ગૌણ સંદર્ભસ્થાનોનો ભલે અભ્યાસ કરે, તેમની પ્રમાણભૂતતા ચકાસે છતાં સંદર્ભસ્થાનો પર સંપૂર્ણ વિશ્વાસ ન કરે. વાન ડેલન (૧૯૭૯) જણાવે છે તે મુજબ ઐતિહાસિક માહિતીના ગૌણ સંદર્ભસ્થાનો એવી વ્યક્તિ પાસે મળતી માહિતી છે જેણે બનાવ, વસ્તુ કે પરિસ્થિતિનું પ્રત્યક્ષ અવલોકન કર્યું નથી.

**(ડ)દસ્તાવેજો**

ભૂતકાળના વિચારો, પરિસ્થિતિઓ અને બનાવે અંગેની વિવિધ પ્રકારની લેખિત, ચિત્રાત્મક કે યાંત્રિક સ્વરૂપમાં ઉપલબ્ધ હોય છે.

દા.ત. (૧) અધિકૃત નોંધો (૨) વ્યક્તિગત નોંધો (૩) મૌખિક રૂઢિઓ (૪) ચિત્રાત્મક નોંધા (૫) હસ્તલિખિત સામગ્રીઓ (૬) પ્રકાશિત સામગ્રીઓ (૭) યાંત્રિક નોંધો.

## ૫. ઉત્કલ્પનાઓની રચના

ઐતિહાસિક સંશોધન માટેની માહિતી અનેક ઉત્કલ્પનાઓ રચવાનો આધાર પૂરો પાડે છે. શોધકર્તા એ શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરવી જોઈએ. ઉત્કલ્પના સમસ્યાત્મક બનાવ કે પરિસ્થિતિનું કામચલાઉ સ્પષ્ટીકરણ આપે છે. જો પુરાવાઓ ઉત્કલ્પનાના અનુમાનને સહાયક હોય તો ઉત્કલ્પના સુદ્રઢ થાય અને પુરાવો વિપરિત હોય, તો ઉત્કલ્પના સુદ્રઢ થતી નથી.

## ૬. ઐતિહાસિક સંશોધનમાં માહિતીનું અર્થઘટન અને તારણોનું આલેખન

વિવિધ ઉત્કલ્પનાઓ માટે એકત્રિત કરેલા પુરાવાઓનું ભૂતકાળની વાસ્તવિકતાને સુસંબધિત, તાર્કિક અને અર્થપૂર્ણ રીતે રજૂ કરવા વિશ્લેષણ કરવામાં આવે છે. સંશોધકે અહેવાલ લેખન વખતે પોતાના પૂર્વગ્રહો, મૂલ્યો અને રસોથી સજાગ રહેવું જોઈએ. કારણ કે આવી બાબતો પસંદ કરેલ ઐતિહાસિક સમસ્યાને અસર કરે છે.

અર્થઘટન કરવા ઈતિહાસના નીચે જેવા સિદ્ધાંતો ધ્યાનમાં રાખવા જોઈએ.

૧.જીવન ચારિત્રાત્મક કે ‘મહામાનવ’ સિદ્ધાંત
૨.આદર્શવાદી તત્ત્વજ્ઞાન
૩.વૈજ્ઞાનિ કે પ્રૌદ્યોગિક સિદ્ધાંત
૪.આર્થિક સિદ્ધાંત
૫.ભૌગોલિક સિદ્ધાંત
૬.સામાજીક અર્થઘટન

### ૭. સંશોધન પદ્ધતિ અને ભાષા

સંશોધનની વિવિધ પદ્ધતિઓમાં દસ્તાવેજી, ક્રમિક, પરિમાણવાચક, તુલન્તામક, વૃત્તાન્તાત્મક વગેરે જાણીતી છે. શોધકર્તાએ એ યાદ રાખવું ઘટે કે પોતાના અભિપ્રાયોની અભિવ્યક્તિને કોઈ અવકાશ નથી. ઈતિહાસના દસ્તાવેજોમાં કોઈપણ પ્રકારનો અવશેષ કે અવશેષીય સામગ્રીનો જેમ કે પુરાણાનગર, કલાધામો, ધર્મસ્થાનો, મૂર્તિઓ, ચીજવસ્તુઓ, અભિલેખો, સિક્કાઓ-આદેશપત્રો, કાનૂનીપત્રો, ખાનગી, અહેવાલો જેવા કે લશ્કરને લગતા સંદેશાઓ, રોજનીશી, લોકસાહિત્ય, દંતકથાઓ વગેરેનો સમાવેશ થાય છે.

### ૮. ક્રમાંક અને મુદ્દા વિષય પદ્ધતિ

સંશોધનકર્તા પાસે ઈતિહાસમાં સમયની સૂઝ અનિવાર્ય છે. સાલવારી કે રાજવંશોનો ક્રમ જરૂરી નથી. ઈતિહાસના અધ્યયન તેમજ શોધમાં મુદ્દાઓનુ આયોજન જરૂરી છે. દા.ત. બૌદ્ધકાલીન ભારત, પાશ્ચાત્ય વૈદિક યુગ, મુગલ, મરાઠા, સુલતાન, બ્રિટીશ તથા વર્તમાન સમયની મહેસૂલી પદ્ધતિ એ જ રીતે રાજપૂત યુગના સમાજજીવન વિશે સંશોધકને વર્ણો, જ્ઞાતિઓ, વર્ગો, સ્ત્રીની સ્થિતિ, ખાન-પાન, પોષાક, અલંકાર, રહેણી-કરણી અને લોકજીવનના લક્ષણોને ધ્યાનમાં રાખી આવા મુદ્દા યાદ રાખવા પડે.

### ૯. પરિમાણવાચક કે આંકડાવાચક

સંશોધનકારે કરેલાં વિધાનો કે કાઢેલાં તારણો ચકાસવા માટે આંકડા પદ્ધતિ ઘણી ઉપયોગી છે. આ પદ્ધતિના ઉપયોગમાં વિશિષ્ટ પ્રકારની નિપૂણતા અને તાલીમની જરૂર છે. આ પદ્ધતિ ઈતિહાસની કેટલીક ખૂટતી કડીઓ શોધી આપવામાં તથા હકીકતનો ખૂટતો ગાળો જોડી આપવામાં સહાયક બને છે. લોકશાહીના ધોરણો, ભાવસપાટીનું સ્તર, સામાજિક વર્ગો, શિક્ષણનું પ્રમાણ જેવા મુદ્દઓનો સમાવેશ થાય છે.

### ૧૦. તુલનાત્મક પદ્ધતિ

આ પદ્ધતિની પણ કેટલીક મર્યાદાઓ છે. પૂર્વકાલીન અને સમકાલીન બંને પ્રકારના દસ્તાવેજો ઉપલબ્ધ હોય તો જ તેની તુલના શક્ય બને છે. ઔરંગઝેબના ધાર્મિક ખ્યાલોની માહિતી મેળવવા સમકાલીન મુસ્લિમ તેમજ સમકાલીન હિન્દુ લેખકોના લખાણો સંશોધન માટે ગેરમાર્ગે દોરે એવું બને છે.

### ૧૧. સમાપન

કોઈ પણ વિષયમાં સંશોધન એ ખૂબ જ ફળદાયી કાર્ય ગણાય. તેનાથી વિષયવસ્તુને લગતાં જૂના મૂલ્યો નષ્ટ થાય અને નવાં મૂલ્યો સ્થપાય છે. સંશોધકે ઉપલબ્ધ માહિતી પ્રાપ્ત કરવા યોગ્ય સાધનો રચવાં જોઈએ. મળેલ માહિતીનું યોગ્ય જે તે પદ્ધતિ દ્વારા અર્થઘટન કરી તારણા/પરિણામ પર આવવું જોઈએ. શોધકર્તાએ શ્રમ, ચોકસાઈ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવીને ઐતિહાસિક સંશોધનો કરવાં જોઈએ. સંશોધક પ્રિન્સેપે અશોકના ધર્મલેખો (શિલાલેખો)ની લિપિ ઉકેલવા પૂરાં સાત વર્ષ સુધી સતત પરિશ્રમ કરાને છેવટે ૧૮૩૭ લિપિ ઉકેલી હતી.

### સંદર્ભસૂચિ :

૧. શાહ, ડી.બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.
૨. યાજ્ઞિક, એલ. આર. અને અન્ય (૨૦૦૫). સંશોધન પદ્ધતિ. અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.
૩. ધારૈયા, આર. કે. (૧૯૯૪) ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસલેખન અભિગમ. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.